# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

(Established by Government of Gujarat under Gujarat Act No. : 20 of 2007)

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી

(ગુજરાત સરકારના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૦/૨૦૦૭ દ્વારા સ્થાપિત)

ESTD - 2007


જા. ક્ર. નં. : જી.ટી.યુ/સ્પોર્ટ્સ/૨૦૨૧/ 5200 તારીખ:- ૧૫/ ૦૯/૨૦૨૧

## પરિપત્ર

વિષય :- અંગદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવા બાબત.

આથી સંલગ્ન સંસ્થાના વડાઓને જણાવવાનું કે અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ એ "અંગદાન" અંગે સમાજમાં જાગૃતતા આવે તે હેતુથી કાર્યરત સંસ્થા છે. જાણીતા સમાજ સેવક શ્રી દિલીપભાઈ દેશમુખ દ્વારા પોતાની લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ પોતાનું શેષ જીવન અંગદાન જાગૃતિ માટે આપવું તેવા સંકલ્પના ભાગરૂપે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં બ્રેઈન ડેડ દર્દીઓના અંગનું દાન થાય અને જરૂરિયાતવાળા દર્દીને અંગ પ્રાપ્ત થાય તે માટેનો છે. આ કાર્ય થકી અંગની રાહ જોઇને એક આશા સાથે જીવન જીવી રહેલા અનેક દર્દીઓને નવું જીવન મળી શકશે. તારીખ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી ના જન્મ દિવસે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ, મીડીયા ક્લબ અને ઇન્સ્ટીટયુટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર (IKDRC)ના સયુંકત ઉપક્રમે અંગદાન જાગૃતિ માટેની પ્રતિજ્ઞાના કાર્યક્રમનું આયોજન આપના દ્વારા કરવામાં આવે. જે અંતર્ગત પ્રતિજ્ઞા કાર્યક્રમ દ્વારા અંગદાન જાગૃતિ માટેના સંકલ્પના ભાગરૂપે જી.ટી.યુ. સંલગ્ન તમામ કોલેજોમાં અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ આ સમાજ-ઉપયોગી ઉમદા કાર્યને વેગ આપવા તેમજ અંગદાન નું મહત્વ વધુમાં વધુ લોકો સુધી પહોચે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

આ અંગદાન જાગૃતિ અંતર્ગત પ્રતિજ્ઞા કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વ્યક્તિઓ www.angdaan.org ની વેબસાઈટ પર જઈ GUJARAT TECHNOLOGICAL UNIVERSITY સિલેક્ટ કરી તેમાં માંગેલ વિગત ભરીને "I Pledge" પર ક્લીક કરવાથી E-CERTIFICATE મેળવી શકશે.

આ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે 100 Activity Points અંતર્ગત ૫ (પાંચ) પોઈન્ટ્સ (Major head of activity : Community outreach and Social initiatives) મેળવવા માટેની અમૂલ્ય તક છે.

નોંધ: **E-Certificate** મેળવનાર વિદ્યાર્થીને જ ૫(પાંચ) પોઈન્ટ્સ આપવામાં આવશે.

કાર્યક્રમ અંતર્ગત ફોટોગ્રાફ્સ તેમજ ઉપસ્થિત સંખ્યાની માહિતી sports@gtu.edu.in પર મોકલશો.
વધુ માહિતી માટે ૦૭૯-૨૩૨૬૭૬૩૨ પર સંપર્ક કરશો.

કુલસચિવ 15/9/21

પ્રતિ,

(૧) યુનીવર્સીટીના તમામ ભવનો/વિભાગોના વડાશ્રીઓ
(૨) ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ.
(૩) પી.એ / પી.એસ. ટુ માનનીય કુલપતિશ્રી
(૪) પી.એ. ટુ માનનીય કુલસચિવ